# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/225 Dt. 02/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન, પ્રથમ દિવસે ઉદ્યોગ સાહસિકોને એમએમએફ સેગમેન્ટમાં એમએસએમઇ દ્વારા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થવા માટે માર્ગદર્શન અપાયું

### એમએસએમઇને વધુ સ્કેલઅપ, ઇનોવેટીવ અને ગ્લોબલ સપ્લાઇ ચેઇનની સાથે ઇન્ટીગ્રેટ થવાની જરૂર છે : કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રન

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવાર, તા. ૧લી ડિસેમ્બરે ટેક્ષ્ટાઇલ પર્વના પ્રથમ દિવસે કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રને સુરતના ઉદ્યોગ સાહસિકોને એમએમએફ સેગમેન્ટમાં એમએસએમઇ દ્વારા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થવા માટેની વ્યુહરચનાઓ વિષે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનું ટેક્ષ્ટાઇલ ક્ષેત્ર દેશના એમએમએફ સેગમેન્ટમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે અને અહીંના એમએસએમઇ ઉદ્યોગો માટે વૈશ્વિક બજારમાં આગળ વધવાની અપાર સંભાવનાઓ છે. ટેક્ષ્ટાઇલ પર્વના વિવિધ સેશનોમાં નિષ્ણાતો દ્વારા મળનાર માર્ગદર્શન

ઉદ્યોગની પ્રગતિ, નવીનતા, સ્કિલ ડેવલપમેન્ટ અને એક્ષ્પોર્ટ ક્ષમતા વૃદ્ધિ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. ચેમ્બર હંમેશાં ઉદ્યોગના સર્વાંગી વિકાસ અને ઉદ્યોગ સાહસિકોને નવી તકો ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ રહ્યું છે.

કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રને જણાવ્યું હતું કે, કુલ ગ્લોબલ ફાયબર કન્ઝમ્પ્શનમાં ૬૦ ટકા એમએમએફનો ઉપયોગ થઇ રહયો છે. ૨૫ વર્ષ પહેલા ૬૦ ટકા નેચરલ અને ૪૦ ટકા એમએમએફ હતું પણ હવે આજે રિવર્સ થઇ ગયું છે. અત્યારે પરફોર્મન્સ વેર, એથલીશિયર, ટેકનિકલ ટેક્ષ્ટાઇલ અને સસ્ટેનેબલ મટિરિયલનો વધારે ઉપયોગ થાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં એમએમએફનો ઉપયોગ ગ્લોબલી ૧૦૦ મિલિયન ટન્સ થઇ જશે. આ બાબત ભારતના કાપડ ઉદ્યોગ માટે ઘણી તકો દર્શાવે છે.

તેમણે જણાવ્યું હતું કે, પોલીએસ્ટર ફાઇબર અને ફિલામેન્ટના વિશ્વના સૌથી મોટા ઉત્પાદકોમાં ભારતનું સ્થાન છે, પરંતુ જ્યારે ડાઉનસ્ટ્રીમ વેલ્યુ એડેડ એમએમએફ (મેન મેઇડ ફાઇબર) એક્ષ્પોર્ટની વાત આવે ત્યારે ભારતની સંપૂર્ણ હાજરી જોવા મળતી નથી. ચીન, વિયેતનામ અને ટરકી જેવા દેશોએ મજબૂત અને ઝડપી ઇનોવેશન આધીરીત એમએમએફ ઇકો સિસ્ટમ ઉભી કરી છે, જેને કારણે આજે તેઓ વૈશ્વિક બજારોમાં સ્પર્ધાત્મક થયા છે.

આજે સુરત દેશના એમએમએફ ટેક્ષ્ટાઇલ સેકટરમાં મુખ્ય કેન્દ્ર તરીકે ઉભર્યું છે. સુરત એ દેશનું એકમાત્ર એવું કલસ્ટર છે જે ચીન, વિયેતનામ અને ટરકી જેવા દેશો સાથે સમાન સ્તરે સ્પર્ધા કરવાની ક્ષમતા ધરાવે છે. ગ્લોબલ બાયર્સ અને રિટેલર્સ ટેક્ષ્ટાઇલમાં સ્કેલીંગ શોધી રહયા છે. એક પ્રોડકટ માટે તેઓ દસ–બાર સપ્લાયર્સ સાથે ડીલ નથી કરતા પણ માત્ર બેથી ત્રણ સપ્લાયર્સ પાસેથી પ્રોડકટ ખરીદે છે, આથી એમએસએમઇને વધુ સ્કેલઅપ, ઇનોવેટીવ અને ગ્લોબલ સપ્લાઇ ચેઇનની સાથે ઇન્ટીગ્રેટ થવાની જરૂર છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતીએ ટેક્ષ્ટાઇલ એક્ષ્પર્ટ શ્રી અશ્વિન ચંદ્રનનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ ટેક્ષ્ટાઇલ પર્વની રૂપરેખા આપી હતી. ચેમ્બરના જીએફઆરઆરસીના કો–ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સેશનનું સંચાલન કર્યું હતું.